*માહિતી અધિકાર અધિનિય-૨૦૦૫ હેઠળ જાહેર સત્તામંડળે ૧૭ મુદ્દાની માહિતી ( પ્રોએકટીવ ડીસ્કલોઝર) તૈયાર કરવા તથા પ્રસિધ્ધ કરવા બાબત..*

*ગુજરાત સરકાર.*
ક્રમાંકઃ આરટીઆઈ/ ૨૦૨૦૧૩/ ૨૭૩૩૯/ ૨૦૧૩/ આરટીઆઈ સેલ,
મહેસુલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૩૦ /૧૦/૨૦૧૩

<u>વંચાણે લીધાઃ</u>– (૧) મુખ્ય માહિતી કમિશનરશ્રીનો તા. ૩/૧૦/૧૩નો અ.સ.પત્ર.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૮/૧૦/૧૩નો અ.સ.પત્ર ક્રમાંકઃ પીએડી/૧૦૨૦૧૩/ ૮૫/ આરટીઆઈ સેલ.

## *પ રિ પ ત્ર :–*

માહિતીના અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળે ૧૭ મુદ્દાની માહિતી ( પ્રોએકટીવ ડીસ્કલોઝર) તૈયાર કરી પ્રસિધ્ધ કરવાનો રહે છે. અને ત્યારબાદ દર વર્ષે આ માહિતીને અદ્યતન કરવા તથા પ્રસિધ્ધ કરવાની કાયદાકીય જવાબદારી દરેક જાહેર સતામંડળની છે. આ માહિતી લોકો સહેલાઈથી જોઈ શકે તે સ્વરુપે અને તેનો બહોળો પ્રચાર દરેક જાહેર સત્તામંડળે કરવો જોઈએ.

નાગરિકો ધ્વારા દરેક જાહેર સત્તામંડળ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની આ જોગવાઈનો ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી. તેવી રજુઆતો કરવામાં આવે છે. જેથી, ગુજરાત માહિતી આયોગ ધ્વારા મે. ઉન્નતિને પ્રથમ તબકકે ખાસ કરીને છ વિભાગો જેમાં મહેસુલ વિભાગનો પણ સમાવેશ થાય છે. તે હસ્તકની તાલુકા / જિલ્લાની કક્ષાની કચેરીની રુબરુ મુલાકાત લઈ તેમના ધ્વારા કાયદાકીય જોગવાઈ અનુસાર પ્રોએકટીવ ડીસ્કલોઝર અંગેની માહિતી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે કે કેમ ? તેમ તેની ગુણવત્તા અંગેની ચકાસણીની કામગીરી સોંપવાનું વિચારવામાં આવેલ છે. આ બાબતે મુખ્ય માહિતી કમિશનરશ્રીએ મુખ્ય સચિવશ્રીને આ મુખના ક્રમ–૧માં દર્શાવેલ તા.૦૩/૧૦/૨૦૧૩ના અ.સ.પત્રથી વિગતવાર પત્ર પાઠવેલ છે.

મે.ઉન્નતિના પ્રતિનિધિ ઉકત કામગીરી અર્થે વિભાગની રુબરુ મુલાકાત લે ત્યારે તેમને યોગ્ય સહકાર સહિત જરુરી વિગતો / માહિતી પુરી પાડવા તેમજ જયારે વિભાગ હસ્તકની તાલુકા / જીલ્લા કક્ષાની મહેસુલી કચેરીઓની રુબરુ મુલાકાત સમયે યોગ્ય સહકાર મળે અને જરુરી માહિતી / વિગતો અચૂક પુરી પાડવામાં આવે તેવી જરુરી સૂચનાઓ વિભાગ હસ્તકના જાહેર સત્તામંડળોના સંબંધિત અધિકારીઓને આમુખના ક્રમ–૨ ના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૧૦/૧૩ના અ.સ.પત્રથી આપવા જણાવેલ છે. જેથી, સામાન્ય વહીવટ વિભાગ તરફથી મળેલ ઉપરોકત

સૂચનાઓ મુજબ જરુરી કાર્યવાહી કરવા અને આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી આ વિભાગના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એસ.એસ.પારેખ)**
**નાયબ સચિવ,**
મહેસુલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

**નકલ રવાના પ્રતિ,**

:- અગ્રસચિવશ્રી,મહેસુલ વિભાગ.

:- રાહત કમિશનર અને અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ.

:- કમિશનર અને સચિવશ્રી,જમીન સુધારણા, મહેસુલ વિભાગ.

:- મહેસુલ તપાસણી કમિશનરશ્રી અને સચિવશ્રી, મહેસુલ વિભાગ,

:- સર્વે કલેકટરશ્રીઓ.( **આપના નિયંત્રણ હેઠળના જાહેર સત્તામંડળોના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ / અપીલ સત્તાધિકારીશ્રીઓને આ પરિપત્રની જરુરી સૂચના આપવાની વિનંતી સહ.)**

:- વિભાગ હેઠળના તમામ ખાતાના વડાશ્રીઓ.

:- વિભાગના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ.

:- વિભાગના તમામ અપીલ અધિકારીશ્રીઓ.

:- વિભાગની તમામ શાખાઓ.

:- આરટીઆઈ સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.